H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :–અંકિતકુમાર

પિતા/પતિનુ નામ :–ધનજીભાઈ પેથાણી

ધંધો :–વેપાર

ઉમર (આશરે) વર્ષ :– ૪૨

રહેવાનુ ગામ :–બિદડા તા. ભુજ

જીલ્લો : કચ્છ

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી</u>**

1. આજથી બે ત્રણ વર્ષ પહેલા હું કોડાયપુલ પાસેથી પસાર થતો હતો મારી સાથે રોહનભાઈ મોતા હાજર હતા પોલીસે મને ઉભો રખાવી સહી કરવાનો કહેતા મે સહી કરી આપેલી તે સીવાય હું કાઈ જાણતો નથી. હું કોઈ હોસ્પીટલમાં ગયેલો નથી કે કોઈ લાશ જોઈ હોય તેવુ બનેલ નથી.
2. આ બનાવ બાબતે મે પોલીસમાં ફરીયાદ કરેલ. મને નામ. કોર્ટના રેકર્ડમાંથી માર્ક ૧૧/૨ વાળી પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં.૨ મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–**૩૮**
3. **હોસ્ટાઈલ :** વિ.એ.પી.પી.શ્રી સાહેદને પોતાના આગલા લખાણથી વિરુધ્ધની હકીકતો જણાવતા હોવાથી ફરી ગયેલા જાહેર કરી પુરાવા ધારા કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની

**સાહેદની સહી**

પરવાનગી માંગે છે જેથી પરવાનગી આપવામાં આવે છે અને સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવે છે.

4. એ વાત ખરી નથી કે તા.૨૬–૬–૨૦૨૦ ના રોજ માંડવી સરકારી હોસ્પીટલ ગયેલ ત્યાં ખીમજીભાઈ ભીમજીભાઈ મોતા નામના વ્યકિત હાજર હતા અને તેઓએ પી.એમ. રુમમાં એક ૩૧ વર્ષની ઉમરની સ્ત્રીની લાશ બતાવેલી જેના ગળામાં દુપટો બાંધેલ હતો તથા ગળાના ભાગે કાળો લીસોટો હતો અને આ સ્ત્રીએ ગળે ફાસો ખાઈ મરણ ગયેલ હતી તેનો ચોકકસ મોતના કારણ માટે પી.એમ કરવા માટે જણાવેલ. આ વખતે માંડવી પો.સ્ટે.ના પી એસ આઈ તથા એકજેકયુટીવ મેજીસ્ટ્રેટ હાજર હતા. અને આ લાશ અર્પણા રોહન મોતાની હોવાનું ખીમજીભાઈ જણાવેલુ.

5. એ વાત ખરી નથી કે ઉપરોકત કાર્યવાહી મારી હાજરીમાં થયેલ હોવા છતા આરોપીઓને બચાવવા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

સરતપાસ પૂરી.

6. <u>ઉલટ તપાસ :– આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.ડી.કનૈયા</u>

ઉ.ત. નથી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૧૮/૧૨/૨૦૨૪

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની**

---
**સાહેદની સહી**

એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

સાહેદની સહી